EDII

Divyabhaskar

March 14, 2024
Page No.08

5 દિવસીય તાલીમ બાદ બિઝનેસ પ્રપોઝલની પસંદગી: ત્રણેયને 40-40 હજાર રૂપિયાની સહાય મળી

# બહાઉદ્દીન સાયન્સના વિદ્યાર્થીઓએ ઘઉંની પરાળમાંથી પતરાળાં અને રાફડાની માટીમાંથી ચામડીની દવા બનાવી

ભાસ્કર ન્યૂઝ | જૂનાગઢ

વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતાનું કૌશલ્ય વિકસાવના હેતુસર રાજ્ય સરકાર દ્વારા 'ઉદ્યોગ સાહસિકતા નીતિ' અમલમાં મૂકવામાં આવી છે. જેના અનુસંધાને ઉચ્ચ શિક્ષણ કચેરી, ગાંધીનગર અને એન્ટરપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 5 દિવસીય તાલીમનું આયોજન કરેલ હતું. જેમાં બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બિઝનેસ માટેના પ્રપોઝલ રજુ કરેલ હતા, જેમાંથી એક વિદ્યાર્થી અને બે વિદ્યાર્થિનીના બિઝનેસ પ્રપોઝલ રાજ્ય કક્ષાએ પસંદ પામ્યા છે. તેમને સંશોધનને વ્યવસાયરૂપે વિકસાવવા માટે રૂ. 40-40 હજારની સહાય આપી છે.



## રાફડાની માટીમાંથી ચામડીના રોગ માટેની દવા બનાવી

બહાઉદ્દીન સાયન્સ કોલેજમાં ટીવાયબીએસસી (કેમિસ્ટ્રી) ના વિદ્યાર્થી નાથાભાઈ કુછડિયાએ રાફડાની તેમજ જુદા જુદા પ્રકારની માટીઓમાંથી ચામડીના રોગની દવા બનાવી હતી. આ પ્રોજેક્ટ રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યો છે. હવે આ પ્રોજેક્ટને તેઓ ધંધાકીય સ્વરૂપ આપશે.

## સૂકાં પાંદડામાંથી ભોજનની પ્લેટ બનાવી



બીએસસીના બીજા વર્ષમાં ભણતી એક્તા વાણીયા નામની વિદ્યાર્થીનીએ સૂકાં પાંદડામાંથી ભોજન માટેની પ્લેટ બનાવી હતી. આ પ્લેટ બાયો ડિગ્રેડેબલ છે. તેમાં દેશી ગુંદરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપયોગ બાદ કદાચ પશુઓ તેને ખાય તો પણ નુકસાન નથી થતું.

## ઘઉંની પરાળમાંથી ભોજનની પ્લેટ બનાવી



બીએસસીના બીજા વર્ષમાં ભણતી પાર્મી દોમડીયાએ ઘઉનો પાક લેતા ખેડૂતો માટે માથાના દુઃખાવા સમાન તેની પરાળમાંથી ભોજનની પ્લેટ બનાવી છે. મોટાભાગના ખેડૂતો તેને બાળી નાંખતા હોય છે. તેને બદલે હવે તેનું વેચાણ કરીને કમાણી કરી શકાય એવો આ ઉપાય છે. તેમાં પણ દેશી ગુંદરનો ઉપયોગ થયો છે.